મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૬૨ ટકા

ગાંધીનગર તાપમાન

જયોતિ મહિલા મંડળની બેઠા ગરબા સ્પર્ધા યોજાઈ

સે-૨૩ સ્થિત અરવિંદ કેન્દ્રમાં ૪૦૦થી વધુ બહેનોએ વૈવિધ્યસભર ગરબા રજુ કરી માતાજીની અનોખી ભકિત વંદના કરી : પ્રથમ ક્રમે સે-૨૩નું અષ્ટ ગ્રુપ વિજેતા : સ્પર્ધામાં શહેરના ૨૨ ગ્રુપોએ ભાગ લીધો : જયોતિ મહિલા મંડળ દ્વારા છેલ્લા ૪૯ વર્ષથી ગરબા સ્પર્ધાનુ આયોજન કરવામાં આવે છે

ગાંધીનગર તા ૧૧

જયોતિ મહીલા મંડળ દ્વારા વર્ષ દરમિયાન મહીલાઓની આંતરિક શકિતને નિખારવા માટે અનેકવિધ નવતર કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવે છે. નવરાત્રિ દરમિયાન પણ છેલ્લા ૪૯ વર્ષથી વિવિધ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવે છે. નવરાત દરમિયાન શેરી ગરબા અને ફરતા ગરબા સ્પર્ધામાં પણ મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. જયારે આજે બેઠા ગરબા સ્પર્ધામાં પણ શહેરમાંથી વિવિધ ૨૨ જેટલા ગ્રુપોએ ભાગ લઇ માતાજીના દિવ્ય ગરબાની પ્રસ્તુતિ કરી સૌ કોઇના દિલ જીતી લીધા હતા. સે-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે આયોજિત આ સ્પર્ધા દરમિયાન દાંડીયા અને ગરબા શણગાર સ્પર્ધામાં પણ બહેનોએ ઉત્સાહભેર ભાગ લઇ ભકિત વંદના સાથે કલાત્મક અભિગમને પ્રસ્તુત કર્યો હતો.

નવલી નવરાતના પર્વ દરમિયાન જયોતિ મહીલા મંડળ દ્વારા છેલ્લા સાડા ચાર દાયકા કરતા પણ વધુ સમયથી શેરી ગરબા સ્પર્ધા , બેઠા ગરબા તેમજ ફરતા ગરબા સ્પર્ધાનુ આયોજન કરવામાં આવે છે. અગાઉ નવરાત દરમિયાન શેરી ગરબા સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. વિવેક ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી આયોજિત આ સ્પર્ધાને અનુલક્ષી નવરાતમાં સેકટરોમાં ડો પ્રવિણ ઓઝા, મીનળબેન ઓઝા તેમજ સુધીર દેસાઈ સહીતના સભ્યોએ પ્રત્યક્ષ મુલાકાત લઈ ચપટી , તાળી અને ઠેસના પરંપરાગત ગરબાને નિહાળ્યા હતા. જયારે આ વર્ષે આયોજિત આ સ્પર્ધાના અંતે પ્રથમ ક્રમે સે-૨૩ અષ્ટ ગ્રુપ , બીજા ક્રમે ધનલક્ષ્મી ગ્રુપ અને ત્રીજા ક્રમે સે-૩ સી કલ્ચરલ સ્કવેર ગ્રુપનો સમાવેશ થયો છે. આ ઉપરાંત જયોતિ મહીલા મંડળ દ્વારા આજે બેઠા ગરબા સ્પર્ધાનુ પણ આયોજન કરાયુ હતુ. જેમાં બેઠા ગરબા સાથે દાંડીયા અને ગરબા શણગાર સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં શહેરના વિવિધ ૨૨ ગ્રુપોએ ભાગ લીધો હતો. ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ બહેનોએ માતાજીના અદભુત ગરબા રજુ કરી અનોખી ભકિત વંદના કરી હતી. અંદાજિત ૪૦૦ જેટલી બહેનો આ વિવિધ સ્પર્ધામાં જોડાઈ હતી. બેઠા ગરબા સ્પર્ધામાં પ્રથમ ક્રમે સે-૨૩ સ્થિત અરવિંદ કેન્દ્રનુ ગ્રુપ, બીજા ક્રમે સે-૩ સી કલ્ચરલ સ્કવેર અને ત્રીજા ક્રમે ફોરમ મંડળે વિજેતા સ્થાન લીધુ હતુ. આ ઉપરાંત દાંડીયા શણગાર સ્પર્ધામાં પણ બહેનોએ રસપુર્વક ભાગ લઈ અવનવી રીતે દાંડીયને શણગાર કર્યો હતો. જયારે આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે સુકન્યા ઠક્કર, અંતરકુંવરબા બિહોલા, મીનાક્ષી પટેલ વિજેતા રહ્યા હતા. જયારે ગરબા શણગાર સ્પર્ધામાં પણ પ્રથમ સ્થાને રૂચા વૈષ્ણવ, મંજુલાબેન વલગામી અને ત્રીજા ક્રમે નર્મદાબેન પટેલ વિજેતા રહ્યા હતા. બેઠા ગરબા સ્પર્ધાના પ્રારંભે જયોતિ મહીલા મંડળના પ્રમુખ ડો ચેતના બુચે સ્વાગત પ્રવચન કરી સ્પર્ધાના આયોજન અંગે માહીતી આપી હતી તેમજ સંસ્થા દ્વારા છેલ્લા ૪૫ વર્ષથી યોજાતી આ સ્પર્ધામાં જોડાતી બહેનોને પ્રોત્સાહક બળ પુરુ પાડયુ હતુ. બેઠા ગરબા સ્પર્ધાના આયોજન માટે કોકીલાબેન નાયક, મીનાબેન શાહ, રમિલાબેન મિસ્ત્રી, જયોતિ ઠક્કર ,તારાબેન પટેલ સહીતના મહીલા અગ્રણીઓએ પણ સહયોગ પુરો પાડયો હતો આ બેઠા ગરબા સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ઉષાકાન્ત વસાવડા, આરતી ભટ્ટે સેવા પુરી પાડી હતી. જયારે ગરબા અને દાંડીયા શણગાર સ્પર્ધામાં હીરલ ભટ્ટ, જીજ્ઞા બુચ અને હેતલબા સરવૈયાએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. જયારે સમગ્ર કાર્યક્રમનુ સંચાલન વંદના મેવાડાએ કર્યુ હતુ. અંતમાં કિન્નરીબેન દવેએ આભારવિધી કરી હતી. સ્પર્ધાના અંતે તમામ સ્પર્ધકોને ટોકન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

ભાટ પાસેથી ૪૦ પાડા ભરેલી આઈશર ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર અને આસપાસના માર્ગો પર મોડીરાત્રીના સમયે મોટા વાહનોમાં ગેરકાયેદસર રીતે પશુઓની હેરાફેરી વધી રહી છે. ત્યારે ગત્ રાત્રીના સુમારે એપોલો સર્કલથી ભાટ તરફ જતા માર્ગ પરથી આઈશર ટ્રકમાં લઈ જવાતા ૪૦ પાડાને એક જાગૃત નાગરીકે પોલીસની મદદ લઈને બચાવી લેવાયા છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ૪૦ પાડા અને બે વ્યકિતઓની અટકાયત કરીને વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ તરફથી મળતી માહિતી મુજબ અમદાવાદના એક જાગૃત નાગરીક પોતાની પત્ની સાથે રાત્રીના સાડાબાર વાગ્યાના સુમારે એપોલો સર્કલથી ભાટ તરફ જતા હતા.ત્યારે શંકાસ્પદ આઈશર ટ્રક જોઈ હતી. જેથી તેઓએ ત્યાં ઉભેલી પોલીસ વાનની મદદથી આઈશરને પકડી પાડી હતી. પોલીસે આઈશર ટ્રક નં. જી.જે.૦૮.ઝેડ.-૯૧૪૪ પકડી અંદર તપાસ કરતા ટ્રકમાં બેઠેલા બે શખ્સોનું નામ પુછતા ઈરફાન ભીખનખાન પઠાણ (રહે.મહમદપુરા ડીસા) તેમજ ફયાજ હુસૈન ઝાકીરહુસૈન કુરેશી (રહે રાજપુર ડીસા) હોવાનું સામે આવ્યું હતું. આઈસર ચેક કરતા તેમાંથી ખીચોખીચ ભરેલા ૪૦ પાડા મળી આવ્યા હતા. પોલીસે રૂ. ૧ લાખની કિં.૪૦ પાડા અને રૂ.૪ લાખની કિંમતનો ટ્રક જપ્ત કરીને આરોપીઓ સામે ગુનો નોંધી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.જયારે આઈસરમાંથી મુકત કરાયેલા ૪૦ પાડાને અમદાવાદ આશા ફાઉન્ડેશન ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.

સોનારડા પાટીયા પાસે રીક્ષા પલટતા ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લાના દહેગામ-નરોડા માર્ગ પર સોનારડા પાટીયા પાસે પસાર થઈ રહેલી રીક્ષાએ અચાનક પલ્ટી ખાતા ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને ઘાયલ રીક્ષા ચાલકને તાત્કાલીક પહેલા દહેગામ અને ત્યારબાદ વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જયાં વહેલી સવારે સારવાર દરમિયાન ચાલકનું મોત નિપજયું હતું. બનાવને પગલે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ દાસ્તાન સર્કલ પાસે કઠવાડા માર્ગ પર પ્રધાનમંત્રી આવાસ યોજના ખાતે રહેતા આધેડ જશવંતભાઈ મંગાભાઈ ડોડીયા (૫૪ વર્ષ) રીક્ષા લઈને જઈ રહ્યા હતા.ત્યારે સાંજે સાડાસાત વાગ્યાના સુમારે સોનારડા પાટીયા પાસે તેમને કાબુ ગુમાવતા રીક્ષા પલ્ટી ગઈ હતી. જેથી તેમને માથાના ભાગે, મોઢાના ભાગે અને પેટમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલીક દોડી આવેલા નાગરીકોએ સારવાર માટે દહેગામ અને ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા જયાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યું નિપજયું હતું. અકસ્માતને પગલે મૃતકના નાના ભાઈ વિનોદભાઈ ડોડીયાની ફરીયાદને પગલે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સદ્વાંચન પરિવાર દ્વારા આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓને પુસ્તક ભેટમાં અપાયા

ગાંધીનગર, તા.૧૧

સદ્વાંચન પરિવારના પ્રમુખ અને નિવૃત્ત નાયબ સચિવ શિવશંકર ડાયારામ દવેના ૮૩માં જન્મ દિવસની ઉજવણી સેકટર-૮ ખાતે આવેલી આદર્શકુમાર વિદ્યાલય ખાતે કરવામાં આવી હતી.

આ પ્રસંગે હાજર રહેલા ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના ચેરમેન ગૌતમ ગેડિયા, નિવૃત્ત આઈએએસ અધિકારી અને દલિત સાહિત્યકાર પ્રવીણ ગઢવી, સંસ્કૃતના પ્રાધ્યાપક અને કટાર લેખક ડૉ. રશ્મિકાન્ત મહેતા, સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, કનોરીયા હોસ્પિટલના અધિક્ષક ડૉ. આનંદ શાળાના આચાર્ય કે.પી.સોલંકીનું વૈવિધ્યસભર પુસ્તકોથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

શિવશંકર દવે પ્રત્યેક વર્ષે પુસ્તકો આપીને એમનો જન્મદિવસ ઉજવે છે. આ વખતે પણ અંગ્રેજી ડિક્ષનરી અને જીવન ઉપયોગી પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેઓએ શાળાની લાયબ્રેરીમાં સદ્વાંચન પરિવાર દ્વારા ૧૦૦ પુસ્તકો ભેટ આપવાની પણ જાહેરાત કરી હતી. આ કાર્યક્રમને વિપીન ઓઝા, સુધાલકર, ભાનુપુરાણી અને પ્રકાશ પુરાણીએ સફળ બનાવ્યો હતો.

જલારામ સેવા સમાજના હોદેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૧૧

શ્રી જલારામ સેવા સમાજના વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે હોદેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે સેવંતીલાલ ઠક્કર, ઉપપ્રમુખ તરીકે અરવિંદભાઈ ઠક્કર, મંત્રી તરીકે અશોકભાઈ પોપટ, સહમંત્રી શૈલેષભાઈ પી.મજીઠીયા,કોષાધ્યક્ષ તરીકે કીરીટભાઈ એચ ઠક્કર, સહકોષાધ્યક્ષ તરીકે રમેશભાઈ એસ ગટ્ટાનો સમાવેશ થાય છે. તો બીજીતરફ કારોબારી સભ્ય તરીકે કિશોરભાઈ હિન્ડોચા, ન્યાલચંદભાઈ ડી.ચંદન, હરીઓમ એમ ઠકકર, બિપીનભાઈ બી ઠક્કર, ટેકચંદભાઈ એમ ઠક્કરની નિમણુંક કરાઈ છે. જયારે આમંત્રિત કારોબારી સભ્ય તરીકે વર્ધીલાલ એ ઠક્કર, પરાગભાઈ એચ રૂઘાણી, રાજેશભાઈ ઠકકર, ભરતભાઈ વી આચાર્ય, હૃદયનાથ એમ ધનેશાની વરણી કરાઈ છે.

સુકી ડાળે ખિલ્યાં બાળ પુષ્પો....!!

બાળપણની દરેક વાત ન્યારી હોય છે કેમ કે ત્યારે નથી હોતી કોઈ સ્વાર્થભરી સમજણ કે નથી હોતી માત્ર પોતાનો લાભ ખાટી લેવાની દાનત...!! હોય છે તો માત્ર મિત્રો સાથે મોજભરી મસ્તી અને તેમાંથી કંઈક નવું શીખવાની ધગશનો ઉત્સાહ...!! એક સમય હતો કે જયારે મોબાઈલ-ટીવી બધું નહોતું ત્યરે આંબલી-પીપળીની રમત જ બાળકોને રોમાંચિત કરતી હતી અને એવું માનવામાં આવે છે કે આજના ડીજીટલ ગેઝેટસના યુગમાં આ રમત લુપ્ત થઈ ગઈ છે પરંતુ આ ત્રણ બાળકોને ઝાડ પર ચઢીને પડવાની બીક વગર હિંમત અને કોઠાસુઝથી રમતાં જોઈ આ ભ્રમણાં ભાંગી જાય છે. વૃક્ષની સુકી ડાળીઓ પર રમતા બાળકો જાણે તાજા ખિલેલા પુષ્પો જેવા લાગી રહ્યાં છે.

મુવી હાઉસ

પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

● **વોર**
૯.૦૦, ૧૨.૨૦, ૧.૨૫, ૩.૪૦, ૬.૦૦, ૭.૦૦, ૧૦.૨૦

● **છીછોરે**
૭.૪૦

● **ડ્રીમગર્લ**
૨.૧૦

● **ધ સ્કાય ઈઝ પિન્ક**
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૩૦

● **જોકર (અંગ્રેજી)**
૧૦.૪૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

● **જીમીની મેન**
૧૧.૩૦, ૫.૦૦, ૧૦.૪૫

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

● **વોર**
૯.૧૦, ૧૧.૦૫, ૧૨.૧૫, ૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૯.૦૦, ૧૦.૦૦

● **ધ સ્કાય ઈઝ પિન્ક**
૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦

● **જીમીની મેન**
૯.૨૦, ૧૧.૫૫, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૪૫

● **જોકર (અંગ્રેજી)**
૧૨.૧૦, ૫.૨૦

● **જોકર (અંગ્રેજી) (હિન્દી સબટાઈટલ સાથે)**
૯.૩૫, ૨.૪૫, ૬.૨૦, ૭.૫૫, ૧૦.૩૦

● **બીજો દિવસ**
૫.૦૫

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬

● **વોર**
૯.૨૫, ૧૧.૩૦, ૧૨.૩૦, ૩.૪૦, ૫.૦૫, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦

● **ધ સ્કાય ઈઝ પિન્ક**
૯.૦૫, ૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૪૦, ૩.૪૦, ૫.૫૦, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦

● **જીમીની મેન**
૯.૦૦, ૨.૩૫, ૬.૨૦, ૧૦.૪૫

● **જોકર (અંગ્રેજી) (હિન્દી સબટાઈટલ સાથે)**
૮.૫૫, ૧.૦૦, ૩.૪૦, ૮.૧૦

શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજની રવિવારે બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૩

શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગરની પંદરમી વાર્ષિક સાધારણ સભા આગામી તા.૧૩ ઓકટોબરને રવિવારના રોજ સવારના ૧૧.૩૦ કલાકે નગરપાલિકા ભવન સેકટર-૧૧ કોર્ટની પાછળના કોન્ફરન્સ હોલમાં યોજાશે. આ સામાન્ય સભામાં આગામી બે વર્ષ માટે કારોબારી સભ્યોની વરણી, વર્ષ દરમિયાન વહીવટી કામગીરી, આવક જાવકના હિસાબો, તેમજ સમાજભવન નિર્માણ તેમજ સમાજ વિકાસને લગતી વિવિધ રજુઆતો તેમજ પ્રવૃતિઓ સહિત આગોતરા આયોજન અંગે સવિસ્તાર ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ સામાન્ય સભામાં ટ્રસ્ટના તમામ સભાસદોને ઉપસ્થિત રહેવા સેવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ ભરત મોડીયાએ અનુરોધ કર્યો છે.

સેકટર-૩૦માં બે માસથી બંધ સ્ટ્રીટલાઈટથી રોષની લાગણી...!!

ફૂટપાથના કાર્યને પગલે કાઢી નંખાયેલા સળંગ ૬ થાંભલા કયારે ફરી ઉભા કરાશે ? : ફુટપાથ માટે ખોદેલા ખાડા પણ જેમના તેમ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં સ્ટ્રીટલાઈટના પોલ્સની હાલતને પગલે અવારનવાર ફરીયાદો ઉઠતી રહે છે અને ઘણી જગ્યાએ સ્ટ્રીટલાઈટો બંધ હોવાથી અંધકારનું સામ્રાજય હોવાની રાવ પણ ઉઠતી રહે છે. તાજેતરમાં સેકટર-૩૦માં ઓગસ્ટ માસમાં હાથ ધરાયેલી ફુટપાથની કામગીરીના પગલે સ્ટ્રીટ લાઈટના ૬ પોલ કાઢી નાંખી સેકટરના રીંગ રોડની સાઈડમાં મુકી દેવામાં આવ્યા છે. બે માસથી આ વિસ્તારમાં છવાયેલા અંધકારથી રહીશો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. વળી, ફુટપાથના કામ માટે ખોદવામાં આવેલા ખાડા પણ જેમના તેમ હોવાથી પણ વિવિધ મુશ્કેલીનો સામનો નાગરિકોને કરવો પડી રહ્યો છે.

સેકટર-૩૦માં આંતરિક રીંગરોડ નજીકની ગોલ્ડન પાર્ક, જાગૃતિ પાર્ક અને ડિફેન્સ કોલોનીના રહીશોને કાઢી નાંખવામાં આવેલા સ્ટ્રીટલાઈટના થાંભલાને કારણે અંધકારનો સામનો કરવો પડી રહ્યો છે. અંધારપટ સહન કરી રહેલા રહીશો દ્વારા આ સમસ્યા અંગે અવારનવાર સંબંધિત વિભાગના અધિકારીને ફોન પર રજુઆત કરી હોવા છતાં જુદા જુદા વિભાગો દ્વારા 'આ જવાબદારી અમારી નહી ફલાણા વિભાગની છે ' જેવા ચલકચલાણી રમાડતા જવાબો આપવામાં આવી રહ્યા છે તેવો રહીશોએ આક્રોશ વ્યકત કર્યો છે. આ રીંગ રોડ પરના સ્ટ્રીટલાઈટ પોલ નં. ડી ૩૦૦૨થી માંડીને ડી-૩૦૧૯ પૈકી ડી-૩૦૧૩થી ડી-૩૦૧૮ સુધીના ૬ સ્ટ્રીટલાઈટના પોલ્સ બે માસથી કાઢીને બાજુમાં મુકી દેવાયા છે અને સળંગ પોલ હોવા છતાં વિજળીની કોઈ વૈકલ્પિક વ્યવસ્થા પણ કરવામાં આવી નથી તેથી સમગ્ર વિસ્તાર રાત્રીના સમયે અંધકારમય અને જોખમી બની જાય છે. સત્વરે આ તમામ વીજપોલને ફુટપાથનું કામ ઝડપથી આટોપી ફરી કાર્યરત કરી દેવાય તે માટે આ વિસ્તારના નાગરિકોમાં ઉગ્ર માંગ જોવા મળી રહી છે.

શહેરના વીજ થાંભલાઓની સ્થિતિનો સર્વે કરવો જરૂરી

ગાંધીનગર શહેરમાં આશરે ૧૮ હજાર જેટલાં સ્ટ્રીટલાઈટના થાંભલા છે જેમાં મોટા ભાગના થાંભલા સેકટર્સના આંતરિક વિસ્તારમાં છે. છેલ્લા કેટલાક સમયથી આ પૈકીના અનેક થાંભલાઓમાં કટાઈ જવાની, ઢાંકણા ખુલ્લા હોવાની, સ્ટ્રીટલાઈટ બંધ હોવાની ફરિયાદો ઉઠી રહી છે જેથી તંત્ર દ્વારા આ બાબતે એક વ્યાપક સર્વે કરાય તે જરૂરી જણાઈ રહ્યું છે. નાગરિકોમાં એવી છાપ પ્રવર્તે છે કે જયારે વાઈબ્રન્ટ સમિટ હોય ત્યારે મુખ્ય માર્ગો પરના સ્ટ્રીટલાઈટના થાંભલા રીપેર કરી રંગરોગાન સાથે સજાવવામાં આવે છે પરંતુ સેકટરના આંતરિક વિસ્તારના થાંભલાઓ હંમેશા ઉપેક્ષિત રહે છે જેથી હાલાકી તો સામાન્ય માણસને જ ભોગવવી પડે છે.